| ફોજદારી કેસ નંબર:–73823 | વર્ષ:–2022 |
|---|---|

## ચાર્જ અંગે આંક–૧ લગત હુકમ

આજ રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં મુખ્ય મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ના કચેરી આદેશ મુજબ સ્પેશ્યલ મેજીસ્ટેરયલ સીંટીગનું આયોજન કરવામાં આવેલ છે.
(૧) સાંભળ્યા, કેસ પેપર્સ ધ્યાને લીધા. તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસના અંતે આરોપી વિરુધ્ધ હાલનુ ચાર્જસીટ ગુજરાત પોલીસ એકટ ની કલમ ૧૩૫(૧) અન્વયે અદાલતમાં દાખલ કરેલ છે.
(૨) ગુજરાત પોલીસ એકટ અધિનીયમ તે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટેનો છે તેનો એક ઉદેશ્ય તાત્કાલીક નીવારાત્મક પગલા લેવાનો રહેલ છે અને તે માટે ઓન ધ સ્પોટ વોરન્ટ વગર અધિકૃત ઓથોરીટીના હુકમનો ભંગ કરનાર ની ધરપકડ પણ કરી શકાય છે જો આવી સતા આપવામાં આવેલી ના હોયતો નીવારાત્મક પગલાઓ યોગ્ય રીતે લઈ શકાતા નથી આથી પોલીસ ઓથોરીટીને આ કાયદામાં હુકમનો ભંગ કરનાર ની ધરપકડ કરવાની સતા આપવામાં આવેલી છે પંરતુ પોલીસ ઓથોરીટી ને ધરપકડની સતા હોય તેટલા માત્ર થી કોઈ ગુનો કોગ્નીજેબલ બની જતો નથી જો કાયદામાં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલી હોય તોજ ગુનો કોગ્નીજેબલ બને છે અને જો કાયદામાં આ બાબતે કોઈ જોગવાઈ કરવામાં આવેલી ના હોય ત્યારે સી.આર.પી.સીની કલમ–૪ ની સામાન્ય જોગવાઈઓ લાગુ પડે છે. ગુજરાત પોલીસ એકટની કલમ ૯૦(એ),૧૧૮, ૧૪૩(બી) મા દર્શાવ્યા મુજબના ગુનાઓ કોગ્નીજેબલ ગુનાઓ રહેલા છે તે સીવાય ના તમામ ગુનાઓ બાબતે કોઈ સ્પેશીફીક જોગવાઈ કરવામાં આવેલી ના હોય આથી સી.આર.પી.સી. ની કલમ ૪ ની જોગવાઈ લાગુ પડે છે.
(૩) સી.આર.પી.સી.ની કલમ ૪ માં ભારતના ફોજદારી અધિનીયમ અને બીજા કાયદા હેઠળના ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી બાબતે જણાવવામાં આવે છે જેમાં કલમ ૪(૨) મુજબ બીજા કોઈ કાયદા હેઠળ ના તમામ ગુનાઓની પોલીસ તપાસ, તપાસ,ઈન્સાફી કાર્યવાહી અને અન્ય કાર્યવાહી આજ જોગવાઈઓ અનુસાર પંરતુ એવા ગુનાની પોલીસ તપાસ, તપાસ, ઈન્સાફી કાર્યવાહી કે અન્ય પ્રકારની કાર્યવાહી કરવાની રીત અથવા તેના સ્થળ સંબધી તે સમયે અમલમાં હોય તે અધિનીયમને આધીન રહીને કરવામાં આવશે. એટલે કે જો સ્પેસીફીક કાયદામાં કોઈ જોગવાઈ કરવામાં આવેલ હોય તો તે મુજબ કાર્યવાહી કરવામાં આવે છે અન્યથા સી.આરપી.સી. ની જોગવાઈ લાગુ પડે છે.
(૪) હાથ પર રહેવા કેસ ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫(૧) અન્વયેનો છે આ કાયદામાં આ ગુનો કોન્ગીજેબલ છે કે નોનકોગ્નીજેબલ છે તેવી કોઈ સ્પષ્ટ જોગવાઈ આ કાયદામાં કરવામાં આવેલ નથી આથી આ ગુનાને સી.આર.પી.સી. ના શેડયુલ–૨ માં દર્શાવ્યા મુજબની જોગવાઈ લાગુ પડે છે.ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫(૧) ના ગુનામાં સજાની જોગવાઈ જોવામાં આવે તો એક વર્ષ સુધીની સજાની જોગવાઈ રહેલી છે આથી સી.આર.પી.સી. ના શેડીયુલ

નંબર –૨ જોતા આ ગુનો નોન કોગ્નીજેબલ ગણાય છે અને નોન કોગ્નીજેબલ ગુનાની તપાસ સી.આર.પી.સી. ની કલમ ૧૫૫(૨) મુજબ મેજીસ્ટ્રેટના હુકમ વગર કરી શકાતી નથી તેવી સ્પષ્ટ કાયદાકીય જોગવાઈ રહેલી છે હાલના કેસમાં પોલીસે આવી કોઈ પરવાનગી લીધેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાઈ આવતુ નથી.

(૫) નામદાર ગુજરાત હાઈકોર્ટે ગુજરાત રાજ્ય વિરુધ્ધ ભીમજી માનજી ૧૯૬૮ ક્રીમીનલ લો ઝનરલ પેજ નંબર–૧૫૬, કેશવલાલ ઠાકુર વિરુધ્ધ બીહાર રાજ્ય ૧૯૯૬ (૧૧) એસ.સી.સી. પેઝ– નંબર ૫૫૭, મોઈનબસા હાજી અબ્દુલ ગફુર વિરુધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટક ૨૦૧૪ લો–સ્યુટ (કર્ણાટકા) પેઝ નંબર ૨૦૪૮,જયોત્સનાબેન વિરુધ્ધ ગુજરાત રાજ્ય ક્રીમીનલ મીસીલન્સ એપ્લીકેશન નંબર ૧૫૨૨૬/૨૦૦૭,શીવાનંદ ગીરધર નાયક વિરુધ્ધ સિનીયર પોલીસ ઈન્સપેકટર ૨૦૦૦ (૦)ક્રી.લો.જ.તેમજ પાઉલરાજ જોસેફ વિરુધ્ધ મહારાષ્ટ્ર રાજ્ય ના કેસ લો માં હેલ્ડ કરવામાં આવેલ રેસીયો ધ્યાને લેતા બોમ્બે/ગુજરાત પોલીસ એકટ કલમ ૯૦(એ),૧૧૮અને ૧૪૩(બી) સીવાય ના ગુનાઓ નોનકોગ્નીજેબલ ગુનાઓ રહેલ છે હાલનો કેસ તે કલમ ૧૩૫(૧) નો ગુનો હોય સદર ગુનામાં કરવામાં આવેલી સજાની જોગવાઈ ના સર્દભમાં સી.આર.પી.સી. ના શેડીયુલ નંબર–૨ જોવામાં આવે તો તે સ્પષ્ટ પણે નોન કોગ્નીજેબલ ગુનો બનેછે સદર કેસમાં સી.આર.પી.સી. કલમ ૧૫૫(૨) ની કોઈ પરવાનગી લેવામાં આવેલ નથી આમ છતા જો આ કાર્યવાહી ચલાવવામાં આવે તો તે એબયુઝ ઓફ પ્રોસેસ ગણાય હકુમત વિહીન સમગ્ર કાર્યવાહી બને છે અને સી.આર.પી.સી.ની કલમ ૪૬૧ અન્વયે ની એવી અનિયમીતસરતાઓ છે કે જેના થી સમગ્ર કાર્યવાહી દુષીત થાય છે અને આવી કાર્યવાહી શરુઆતથી નીરર્થક એટલે કે ***void abinitio*** બને છે અને આવી કાર્યવાહી પાછળ અદાલતના કોઈ સમય વ્યતીત કરી શકાય નહી આથી – નામદાર સુપ્રિમકોર્ટે તારીખ ૨૫/૧૧/૨૦૧૪ ના રોજ કે. પ્રભાકર રાવ વિરુધ્ધ આંધ્રપ્રદેશ રાજ્ય ના ચુકાદા માં હેલ્ડ કરવામાં આવેલ રેસીયો ધ્યાન સમક્ષ રાખી સદર ગુન્હાની કાર્યવાહી બંધ કરી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેસીયલ મેજીસ્ટ્રીયલમાં જાહેર કરવામાં આવેલ છે.

**::: હુ ક મ :::**

– સી.આર.પી.સીની કલમ–૨૫૮ અન્વયે આરોપી વિરુધ્ધ ગુજરાત પોલીસ એકટ ની કલમ–૧૩૫(૧) મુજબ ના ગુન્હાની કાર્યવાહી બંધ કરી આરોપીને છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.

– અધિકૃત ઓથોરીટી કાયદા અનુસાર યોગ્ય કાર્યવાહી કરી આરોપી સામે ફરી કેસ દાખલ કરી શકે છે.

આ હુકમ આજ રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:–અમદાવાદ.
તારીખ :–૧૩/૦૮/૨૦૨૨.

(કમલેશ એન.પ્રજાપતિ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૯, અમદાવાદ.
(Code: GJ00886)